બાળ વિભાગ
-યશવંત કડીકર

# (બાળ-વાર્તા) "મહારાજા મલ્હાવરાવની ન્યાયપ્રિયતા"



કડી નગરમાં રાજા મલ્હાવરાવનું રાજ્ય હતું. મહારાજા મલ્હાવરાવ દયાળુ અને ન્યાયપ્રિય રાજવી હતા. પ્રજાના સુખ-દુઃખનું હમેશાં ધ્યાન રાખતાં હતા. એમના રાજ્યમાં શાંતિ હતી. પ્રજા સુખી હતી. પરંતુ કોઈપણ કારણે કોઈ ગુનો કરે, તો મહારાજા મલ્હાવરાવ એમને સખ્તમાં સખ્ત સજા કરતા.

એક દિવસ મહારાજા મલ્હાવરાવ પોતાનો દરબાર ભરીને બેઠા હતા. ત્યાં સૈનિકો એક સુંદર યુવકને પકડીને લાવ્યા. બોલ્યા - "મહારાજ, આ યુવકને અમે પકડ્યો છે. તે ચોરી કરી રહ્યો હતો. આપ એને સજા કરો."

યુવક સુંદર તો હતો જ, એના મ્હોં પર તેજ ચમકી રહ્યું હતું.

રાજાએ ગુસ્સે થઈને, આંખ લાલ કરીને પૂછ્યું - "શું નામ છે તારું ?"

"મહારાજ, મારું નામ છે બુદ્ધિસાગર" પેલા યુવકે શાંત ભાવે કહ્યું.

"તારી ઉંમર કેટલી છે ?"

"મહારાજ, પચ્ચીસ વર્ષ"

"તેં ચોરી કેમ કરી ?" - રાજાએ ફરી પૂછ્યું "મારી ઘરડી માતા માંદી છે, એની દવા માટે મારી પાસે પૈસા નથી. મારી પાસે જમીન-જાગીર પણ નથી. મને કોઈ કામ પણ આપતું નથી. મારી માંદી માતા માટે દવા લાવવી ખૂબ જ જરૂરી છે. આ માટે મેં આ નગરની ધનવાન વ્યક્તિના ત્યાં ચોરી કરી છે. કોઈ ગરીબને મેં હેરાન કર્યો નથી."

યુવકની વાત સાંભળી મહારાજા મલ્હાવરાવનો ગુસ્સો પીગળી ગયો. એમનામાં દયાના ભાવ જાગ્યા. પરંતુ પોતાની ન્યાયપ્રિયતા આગળ તેઓ લાચાર હતા. એમણે સૈનિકોને હુકમ કર્યો કે - "આને લઈ જાઓ, અને જેલમાં પૂરી દો. ચોરીના અપરાધ માટે એને મોતની સજા ફરમાવવામાં આવે છે."

એ પછી મહારાજા મલ્હાવરાવે પેલા યુવકને કહ્યું - "તારી કરૂણ સ્થિતિની વાત સાંભળી, અમને દુઃખ જરૂર થયું છે. પરંતુ ન્યાયના કારણે અમે તને સજા કરવા માટે લાચાર છીએ. બોલ, તને કઈ રીતના મૃત્યુની સજા કરવામાં આવે ?"

પેલો યુવક શાંત ભાવથી ચૂપ રહ્યો. મહારાજા મલ્હાવરાવે કહ્યું - "તું આખી રાત વિચાર કરી લે. સવારે અમને કહેજે કે તને કઈ રીતના મૃત્યુની સજા કરવામાં આવે ?"

સૈનિકોએ તો આ યુવકને લઈ જઈને જેલમાં પૂરી દીધો.

બીજા દિવસે સૈનિકો પેલા યુવકને લઈને મહારાજા મલ્હાવરાવના રાજ દરબારમાં હાજર થયા. મહારાજા મલ્હાવરાવે પૂછ્યું - "બોલ, તને કઈ જાતનું મૃત્યુ પસંદ છે?"

બુદ્ધિસાગરે હાથ જોડીને કહ્યું - "હું કહું છું કે મારે કઈ જાતનું મૃત્યુ જોઈએ છે. પણ આપ વચન આપો, જેમ હું કહીશ, તેવું જ મૃત્યુ મને આપશો." "હું વચન આપું છું. તારી ઈચ્છા પ્રમાણેનું જ મૃત્યુ તને આપવામાં આવશે." મહારાજા મલ્હાવરાવે કહ્યું.

"મહારાજા, મને ઘરડા માણસના મોતથી મરવા દો." બુદ્ધિસાગરે કહ્યું.

"ઘરડા માણસનું મોત" મહારાજા મલ્હાવરાવે આશ્ચર્ય પામતાં પૂછ્યું. પછી બોલ્યા- "બુદ્ધિસાગર, હું તારી બુદ્ધિમત્તા પર ખૂબ જ ખુશ છું. તને ઘરડા માણસના મોત માટે છોડી મૂકવામાં આવે છે. પરંતુ સાથે સાથે તને મારા રાજદરબારમાં નોકરી પણ આપવામાં આવે છે."

મહારાજા મલ્હાવરાવે બુદ્ધિસાગરની માતાની માંદગીની દવા માટે ધન પણ આપ્યું.

## ★ જાણકારી ★



(૧) દુનિયાનો પહેલો માનવસર્જિત રોબોટ ઈલેક્ટ્રોનિક હતા. જેને ૧૯૩૯માં વેસ્ટિંગ હાઉસ દ્વારા બનાવવામાં આવ્યો હતો. સાત ફૂટ લાંબો આ રોબોટ ૭૦૦ ભાષાઓ જાણતો હતો.

(૨) રોબોટ દ્વારા હત્યાના સમાચાર પહેલીવાર ૧૯૮૧માં મળ્યા. જ્યારે રોબોટના હાથે જાપાનમાં એક ફેક્ટરીમાં કામ કરનાર એક વ્યક્તિ કાવાસ્કીની હત્યા કરવામાં આવી હતી.

(૩) આજે ઔદ્યોગિક ક્ષેત્રમાં ઘણા રોબોટોનો ઉપયોગ જુદા-જુદા કામો કરવામાં આવી રહ્યો છે અને એમાં અર્ધા જાપાનમાં છે.

(૪) અમેરિકાના સૈન્ય વિભાગમાં લગભગ ૪૦૦૦ રોબોટોની સેવાઓ લેવામાં આવી રહી છે. ત્યાં સુધી કે એનો ઉપયોગ ઈરાક અને અફઘાનિસ્તાનમાં રસ્તાની બાજુમાં લગાવવામાં આવેલા બમ્પનો ઉંડાણથી ઉપયોગ કરવા માટે થઈ રહ્યો છે.

(૫) લિયોનાર્ડો ધ વિંચીએ પણ સન ૧૪૯૫માં માનવસર્જિત રોબોટ બનાવવાની યોજના કરી હતી.

(૬) ભારતના મધ્યપ્રદેશમાં આવેલ બાંદ્વવગઢ અભયારણ્યમાં વાઘનું નજદીકથી અવલોકન કરી શકાય છે.

(૭) વાઘની ગર્જના એક માઈલ દૂરથી સાંભળી શકાય છે.

(૮) ચીનની સ્વાસ્થ્યવર્ધક દવાઓ માટે સૌથી વધુ વાઘનો શિકાર કરવામાં આવે છે.

(૯) જંગલમાં રહેનારા વાઘની ઉંમર સામાન્ય રીતે દસ વર્ષની હોય છે, જ્યારે સંગ્રહસ્થાનમાં રાખવામાં આવતા વાઘ વીસ વર્ષ સુધી જીવી શકે છે.

(૧૦) માનવી કરતા વાઘ છ ઘણું વધુ સ્પષ્ટ જોઈ શકે છે. ત્યાં સુધી રંગોની ઓળખ પણ વાઘને માણસ કરતા વધુ સારી હોય છે.

(૧૧) એજટેક્સ ધનવાન તથા શક્તિશાળી લોકો હતા, જે દક્ષિણ અમેરિકામાં રહેતા હતા. પરંતુ ૧૫૨૧ ઈ.સ.માં એમને કાર્ટેસે હરાવ્યા. એમણે સોનું તથા બીજી કિંમતી વસ્તુઓ માટે એમના શહેરોને છિન્ન-ભિન્ન કરી નાંખ્યા. આ બધી કરેલી લૂંટ તેઓ સ્પેનની રાણી પાસે લઈ ગયા.

(૧૨) હેનરી આઠમા ઈંગ્લેન્ડના ચર્ચના પહેલા અધ્યક્ષ હતા. એમણે કેથોલિક મઠોને બંધ કરી દીધા તથા એમની કિંમતી વસ્તુઓને યુદ્ધમાં કે નવા ગિરજાઘર બનાવવામાં ખર્ચી નાંખી.

(૧૩) ટયૂડર્સ એ રાજા અને રાણીઓ હતી, જેમણે ઈંગ્લેન્ડ પર લગભગ ૨૦૦ વર્ષ રાજ્ય કર્યું. એમને 'ટયૂડર્સ' એટલા માટે કહેવામાં આવતા હતા કારણ ટયૂડર એમનું ઉપનામ હતું. એમાં સૌથી વધુ જાણીતો હતો હેનરી આઠમો. જેમણે ૧૫૦૦ ઈસ્વી દરમિયાન રાજ્ય કર્યું.

(૧૪) મહારાણી એલિઝાબેથ ટયૂડર્સમાં છેલ્લા હતા. એમણે કદી લગ્ન ના કર્યા. જ્યારે એમનું મૃત્યુ થયું ત્યારે એમના દૂરના કાકાના દીકરા ભાઈ સ્કોટલેન્ડનો જેમ્સ છઠ્ઠો, ઈંગ્લેન્ડનો રાજા બન્યો. એનું ઉપનામ 'સ્ટુઅર્ટ' હતું, એટલે એમના પછીના રાજ્યકર્તાઓ ''સ્ટુઅર્ટ'' કહેવાયા.

(૧૫) ૧૯૫૮માં સ્પેને સમુદ્રી જહાજોનો એક 'બેડો' ઈંગ્લેન્ડ પર આક્રમણ કરવા માટે રવાનો કર્યો. ઈંગ્લેન્ડની નૌકા સેનાના અધ્યક્ષ ફ્રાન્સિસ ડ્રેકને આ વાતની ચિંતા ન હતી કે સ્પેનિસ જીતી જશે. ત્યાં સુધી કે લડવા જતા પહેલા એમણે 'બ્રાઉલ્સ'ની રમતને જે તેઓ રમી રહ્યા હતા, તે પૂરી કરી.

(૧૬) 'મેરી રોજ' હેનરી નૌકા સેનાનું ગૌરવ હતું. એમને ઉપર લાવવા માટે ઘણું ધન ખર્ચ કરવામાં આવ્યું. પરંતુ જ્યારે રાજાશાહીના લોકો એમને જોવા માટે આવ્યા, બંદર છોડતા પહેલાં જ ડૂબી ગયું.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન- 'મિડ-ડે-મિલ' એટલે કે મધ્યાહન ભોજનની શરૂઆત કયા પ્રદેશમાંથી થઈ ?
જવાબ- તામિલનાડુ

•

પ્રશ્ન : ઉચ્ચત્તમ ન્યાયાલયે (સુપ્રીમ કોર્ટે) બધા રાજ્યોમાં એને લાગુ પાડવાનો આદેશ ક્યારે આપ્યો ?
જવાબ - ૨૦૦૧માં

•

પ્રશ્ન - આફ્રિકી-અમેરિકનોને બરાબરીના હક માટે આંદોલન ક્યારે થયું ?
જવાબ : ૧૦૫૦ના દશકાના અંતમાં.

•

પ્રશ્ન - રોઝા પાર્ક્સ કોણ હતી ?
જવાબ - આફ્રિકી- અમેરિકન મહિલા.

•

પ્રશ્ન - રોઝા પાર્ક્સની સાથે શું બન્યું હતું ?
જવાબ - પાર્ક્સને એક ગોરાએ બસમાં જગ્યા આપવા માટે ના પાડી દીધી હતી.

•

પ્રશ્ન- અમેરિકામાં નાગરિક અધિકાર અભિનિયમ ક્યારે લાગુ પાડવામાં આવ્યો ?
જવાબ - ૧૯૬૪માં.

## ''રમતાં-જમતાં જોડકણાં''

સસલા ભાઈ તો બીકણ
એવા ખાય કાતરી પાન
દેખાવમાં તો ખૂબ રૂપાળા
એમના લાંબા કાન

•

અજગર લે છે ભરડો ભારે
ઝાડની ડાળે ઝૂકે
ગમે ત્યારે જીભ લબકાવી
શિકાર મોંમાં મૂકે.

•

આગબોટ દોડે સરસર ચાલે
પાણી કાપે આમ
જાણે દરિયા વચ્ચે તરતું
લાગે કોઈ ગામ.

•

દવા લેવા 'ભગી' માસી
ડૉક્ટર પાસે જાય
દવા લેતાં મ્હોં મચકોડે
ડોકટરનું માથું ખાય

•

ગધેડાનું ભૂંકવું એવું
જાણે લાંબે સાદે ગાય
ડફણા ખાઈ ખાઈને
અક્કલ એની જાય.

## ''હાસ્ય''

શિક્ષક : પપ્પુ, આંખો બંધ કરીને બતાવ, કશું દેખાય છે ?
પપ્પુ : 'હા, દેખાય છે.'
શિક્ષક : 'શું, દેખાય છે ?
પપ્પુ : અંધારું...!''

•

બા : ''બેટા, તું તારા આ લાંબા-લાંબા વાળ જેમ બને એમ જલ્દી કપાવી નાખ, તો સારું.''

દીકરો : ''કેમ બા, આવા વાળ તો સંજય દત્તના પણ છે. બહુ જ સારા લાગે છે.''

બા : ''એ તો બરાબર છે. પણ આજે તારી બહેનને જે છોકરાવાળા જોવા માટે આવ્યા હતા, એ એને બદલે તને પસંદ કરી ગયા છે.''

•

મોટા ભાઈએ નાના ભાઈને ઠપકો આપતાં કહ્યું : ''તું બહુ જ મોટો બેવકૂફ છે.''

''જૂઠ ન બોલો ભાઈ, મોટા તો તમે છો. હું તો નાનો છું'' નાના ભાઈએ નિર્દોષતાપૂર્વક કહ્યું.

•

શિક્ષણ : ''પપ્પુ, ભારતનું સૌથી મોટું નગર કયું ?
પપ્પુ : ''શ્રીનગર''
શિક્ષક : ''કઈ રીતે ?''
પપ્પુ : ''કારણ કે મોટાઓની આગળ ''શ્રી'' લગાવવામાં આવે છે.''

•

મહેમાન : ''બેટા પિન્ટુ ! જો હું અંગ્રેજીમાં બોલું તો તું સમજી જઈશ ને ?''

પિન્ટુ : ''હા 'અન્કલ' ! પણ અંગ્રેજીને તમે ગુજરાતીમાં બોલજો...!''

## "કિશોર ચરિત્ર" ઔદ્યોગિક નગરી કડીના શિલ્પી માણેકલાલ એમ. પટેલ

બાળ દોસ્તો,

કડીના ઔદ્યોગિક વિકાસમાં જેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે, એવા કેટલાક વિશિષ્ટ મહાનુભાવોમાં એક મહત્ત્વનું નામ છે - શ્રી માણેકલાલ માધવલાલ પટેલ (એમ. એમ.પટેલ)

વર્ષો પહેલાની વાત છે. કડીની છોટાલાલ મિલ, એ સમયના મારવાડી શેઠ - કાપડિયા શેઠે અચાનક જ બંધ કરવાનો નિર્ણય લીધો. એમની પાસે બહાનાં તો અનેક હતાં. મજૂરો બરાબર સહકાર નથી આપતાં, મજૂર મહાજન માથાકૂટ કરે છે, ઉત્પાદન ઘટી ગયું છે. આર્થિક નુકસાની બહુ આવે છે. આ બધાંજ બહાનાં હતાં, વાસ્તવિક્તા જુદી હતી. પરંતુ આ મારવાડી શેઠીયાને નહોતી મિલની પડી, નહોતી મજૂરોની પડી, એમને તો પૈસા અને કમાણીની પડી હતી. એ સમયે આ શેઠની ભત્રીજી ડીમ્પલ કાપડિયા, જે પછી તો ફિલ્મ જગતની ખ્યાતનામ અભિનેત્રી બની ગયેલી. તેને એક કાર્યક્રમમાં બોલાવી, આ વાતની તેની સાથે ચર્ચા થઈ. આ બુદ્ધિશાળી યુવતીએ તેના કાકા કાપડિયા શેઠને સમજાવ્યા. પરંતુ કંઈ પરિણામ ના આવ્યું અને અંતે કડીની મિલ બંધ થઈ. મિલના મજૂરો બેકાર બન્યા. આખા ગામ માટે આ મોટો ચિંતાનો વિષય હતો. શું કરવું ? આ મિલ મજદૂરોની ચિંતા આખા ગામને હતી, ગામના આગેવાનોને હતી. આ સુજલામ સુફલામ ધરતી કડીની એક વિશિષ્ટતા રહી છે કે બીજાના દુઃખમાં સહભાગી થવું. ગામનાં આગેવાનો ઝવેરી આર.ટી. હાઈસ્કૂલ જે ગામ વચ્ચે આવેલી છે, ત્યાં ભેગા થયા. સૌના મનમાં એક જ ચિંતા હતી, ગામના મિલ મજદૂરોની, તાત્કાલિક કોઈ નિર્ણય લઈ, આ મિલ મઝદૂરોની સમસ્યા હલ કરવી જરૂરી હતી. આ મિલ મજદૂરો હતા કડીના સ્થાનિક અને કડીની આજુબાજુના ગામડાઓના.

આ પ્રમપ્રેમી આગેવાનો હતા, આપણા આ દીર્ઘદૃષ્ટાશ્રી માણેકલાલ એમ.પટેલ, એમની સાથે હતા ડો. મધુભાઈ શાહ, જે કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એવી રીતે ગોઠવાયેલું કે અઢી વરસ ડો.મધુભાઈ પ્રમુખ રહે, અને અઢી વરસ શ્રી માણેકલાલ પટેલ પ્રમુખ રહે, જેથી મ્યુનિસિપાલિટીનો વહીવટ સારી રીતે ચાલે, શ્રી નટુભાઈ ભાણાભાઈ (સંસદસભ્ય), શ્રી રતીભાઈ પટેલ (હાલના ગુજરાત રાજ્યના કેબિનેટ મિનિસ્ટર શ્રી નીતિનભાઈ પટેલના પિતાશ્રી), ડો.માણેકલાલ પટેલ (કડી સર્વ વિદ્યાલય ગાંધીનગરમાં મંત્રીશ્રી કેપ્ટન હસમુખ પટેલના પિતાશ્રી), પારેખ શેઠ, ધુનાભાઈ વકીલ, છગનભાઈ વકીલ, પ્રહલ્લાદભાઈ ભગત (ધારાસભ્ય), બાબુભાઈ ભંડારી, આવા ઘણા બધા આગેવાનો એકઠા થયા. દરેકે પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા, આ માટે સમિતિ પણ રચવામાં આવી, અને આપણા આ માનવરત્ન માણેકલાલભાઈએ જવાબદારી સંભાળી લીધી.

પછી તો નક્કી કરવામાં આવ્યું કે કડીને ઔદ્યોગિક નગર તરીકે વિકસાવવામાં આવે તો બધી સમસ્યા હલ થઈ જાય. આ પુણ્યભૂમિ ઉપર તો કેટકેટલા સંતોની કૃપા છે. સંત જાવલી મહારાજ, સંતશ્રી સોમેશ્વર તીર્થ, બંસીવાલા, બાલાપીર ઉપરાંત મા મેલડી માં, સિંધવાઈ માતા, યવતેશ્વર મહાદેવ, ઓઘડનાથ મહાદેવ, સહજાનંદ સ્વામીએ તો આ ભૂમિ પર પગલાં પાડેલાં, આ બધાની ગામ પરની કૃપા અને ગામનાં આગેવાનોનું દૃઢ મનોબળ, અને માણેકલાલ એમ.પટેલ જેવા મક્કમ મનના માનવીનું માર્ગદર્શન પ્રવૃત્તિઓ- આરંભાઈ.

પછી તો આપણા આ સંનિષ્ઠ આગેવાનોએ શ્રી માણેકલાલ એમ.પટેલની આગેવાની હેઠળ સરકારમાં સચોટ રીતે રજૂઆત કરી. અને ઈશ્વર કૃપાએ ધાર્યું પરિણામ આવ્યું.

રાજ્ય સરકારે કડીને "પછાત વિભાગ" તરીકે જાહેર કર્યું. આ કારણે કડીને ઔદ્યોગિક વિકાસ માટે કેટલાક વિશિષ્ટ લાભો મળે એ માટે જી.આઈ.ડી.સી.ના એક વિશિષ્ટ અધિકારી પોતાની ટીમ સાથે કડીની મુલાકાતે આવ્યા.

કાયદાના નિષ્ણાત માણેકલાલ પટેલે એમને કાયદાકીય રીતે પૂરી સમજ આપી. ઉપરાંત આ અધિકારીશ્રીને નગરપાલિકા તરફથી તેમજ અન્ય ક્ષેત્રો સંપૂર્ણ સહાય આપવાની તૈયારી બતાવતાં જી.આઈ.ડી.સી.નાં આ અધિકારી ખૂબ જ પ્રભાવિત થયા અને કડીના આગેવાનોની ભાવનાને એમણે મુક્તમને બિરદાવી.

શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથી આગેવાન મિત્રોએ પોતાનો કિમતી સમયનો ગામના હિતમાં ભોગ આપી, આ અધિકારીઓની સાથે રહી ૧૦૦ એકર જમીનનું સર્વે પણ કરાવ્યું. અરદેસણના માર્ગે - ગૌશાળા પાસેની જમીન આ માટે પસંદ કરાઈ. ત્યાંથી બે કિલોમીટરનો માર્ગ નંદાસણ રોડને જોડતો કુંડાળ નજીક તળાવ પાછળના ભાગમાં તૈયાર કરવાનું નક્કી થયું. જેથી મોટા વાહનો માલની હેરફેરમાં, ગામમાં પ્રવેશ્યા વિના જ સીધે સીધા જઈ શકે. જેથી સામાન્ય જનતાને ટ્રાફિકના ભરાવાથી કોઈ અડચણ ઊભી ના થાય. સાચે જ આપણા મહાનુભાવોનું આ એક બુદ્ધિગમ્ય પગલું લેખી શકાય.

આ ઉદ્યોગો વિશેની વધુ માહિતી મેળવતાં જાણવા મળેલું કે પછાત એરિયા જાહેર કરવાના કારણે અહીંના ઉદ્યોગોના વિકાસ માટે સબસિડી ૧૦થી ૧૫ ટકા, લોન ૭૦ ટકા બીલકુલ મામુલી વ્યાજે, અને પાંચ વર્ષ સુધીના હપ્તાની રાહત, એક્સાઈઝ, ઓક્ટ્રોય અને સેલટેક્ષમાં પાંચ વર્ષ સુધી માફીની સગવડો અને ૨૦ ટકા ઉપરના ઈન્કમટેક્ષ "સ્લેબ"માં રાહત તેમજ સસ્તા ભાવે ગેસની સગવડ, આ બધી વિશિષ્ટ સગવડોના કારણે ઉદ્યોગપતિઓની નજર કડી તરફ મંડાઈ અને એમણે કડીમાં ઉદ્યોગો સ્થાપ્યા. કાચનું કારખાનું એલેમ્બિક કક્ષાના કારખાના માટે બુડાસણ પાસે ૧૦૦ એકર જમીન રાખવામાં આવી. તેમજ એરકન્ડીશન મશીનરી માટે શેડ પણ ભાડે રખાયા.

રાજ્ય સરકાર અને નગરપાલિકા દ્વારા અપાતા આ વિશિષ્ઠ લાભોથી ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નંખાયો. આમ કડીના ઔદ્યોગિક વિકાસમાં શ્રી માણેકલાલ પટેલનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.

કડીમાં મહત્ત્વના ઉદ્યોગો ગેસ પર આધારિત છે, જેવા કે સીરામીક અને કાચ ઉદ્યોગ, અહીંની મોટી કંપનીઓ જેવી કે "સેરા સેનીટરી વેર" કમોડ અને વોશ બેઝિન બનાવે છે, જ્યારે સોમાણી કંપની "ટાઈલ્સ" બનાવે છે. આ બન્ને કંપનીઓનો માલ વિશ્વભરના દેશોમાં જાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રે કડીની જે કાયાપલટ થઈ છે, એમાં શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથીઓનું મહત્ત્વનું યોગદાન રહેલું છે.

"ઉદ્યોગરત્ન"ના સન્માનથી સન્માનીત આ મહા માનવે કડી નાગરિક બેન્કના સ્થાપના કાળથી મેનેજીંગ ડિરેક્ટર હોવાના નાતે, કડી નાગરિક બેન્કના સહયોગથી પાંચ રિફાઈનરીઓ કડીમાં સ્થાપી છે.

આજે કડીમાં ૧૫૦ ઓઈલ મિલ, ૫૦ જીનિંગ ફેક્ટરીઓ ધમધમી રહી છે, એનો યશ પણ કડી નાગરિક બેન્કને અને આ બેન્કના સ્થાપના કાળથી મેનેજીંગ ડિરેક્ટર શ્રી માણેકલાલ પટેલને જરૂરથી આપી શકાય. કડી આજે આ ઉદ્યોગો માટે તો એશિયાનું મોટામાં મોટું સેન્ટર ગણાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રની શ્રી માણેકલાલ પટેલની સેવાઓ તો અભિનંદનીય રહી છે જ ઉપરાંત સમાજ સેવા પ્રત્યે પણ તેઓ એટલા જ જાગૃત છે. ઘણા સમય પહેલાં, તેઓ જ્યારે લાયન્સ કલબ કડીના પ્રમુખ હતા, ત્યારે એવું બનેલું કે, એ વર્ષે સતત વરસાદના કારણે જ્યારે આજુબાજુ પાણી ભરાઈ ગયા હતાં, ગામડામાં તો બોટમાં જવું પડે એવી સ્થિતિ હતી, ત્યારે આ સંસ્થા "લાયનકલબ કડી"એ શ્રી માણેકલાલ પટેલના માર્ગદર્શન હેઠળ ફૂડ પેકેટ પહોંચાડ્યા અને સતત વરસાદના કારણે, ગરીબો માટેની આવા યોજનામાં લાયન્સ કલબ ઓફ કડી દ્વારા ૧૦૦૦ મકાનો બાંધી આપ્યા.

કડીના સરકારી દવાખાનામાં દર્દીઓ માટે જરૂરી સગવડ ના હોવાથી, શ્રી માણેકલાલ પટેલે, કડી ભાગ્યોદય, અદ્યતન હોસ્પિટલની સ્થાપના કરી, જે આજે પણ કડી અને કડી આજુબાજુના ગામડાઓના દર્દીઓ માટે તો આશીર્વાદ સમાન છે.

આવા ઉદ્યોગ અને સમાજ સેવાના યશસ્વી માનવરત્નને અંતરના ઉમળકાથી આવકારીએ, બિરદાવીએ અને પ્રભુ તેમને તેમની સેવા પ્રવૃત્તિઓ માટે ખૂબ ખૂબ શક્તિ બક્ષે એવી પ્રભુ પ્રાર્થના સાથે વિરમીએ.

## દાદાજીના ઉખાણાં

(૧) વનવગડામાં ડોશી દાંત કાઢે.

•

(૨) ભરે ફાળ, પણ મૃગ નહીં,
નહીં સસલું, નહીં શ્વાન
ઊંચું મોં, પણ મોર નહીં
સમજો ચતુર સૂજાણ

•

(૩) નાની શી દડી
રૂપાથી મઢી
દિવસે ખોવાણી
ને રાતે જડી

•

(૪) નગરમાં નાગી ફરે
વનમાં પહેરે ચીર

•

(૫) પીળો પણ પોપટ નહીં
કાળો પણ નહીં, કાગ
પાંખો પણ પંખી નહીં
ડસે, પણ નહીં નાગ

•

જવાબો : (૧) કાલું (કપાસનું) (૨) દેડકો (૩) તારલી (૪) સોપારી (૫) ભમરો.

## ''બાળ દોસ્તો, તમે જાણો છો ?''



૧૯૮૫- રશિયામાં મિખાઈલ ગોર્બાચોવના હાથમાં સત્તાના સૂત્રો.

૧૯૮૬- અમેરિકન સ્પેસ શટલ 'ચેલેન્જર' ભસ્મીભૂત.

૧૯૮૭- અમેરિકી પ્રમુખ રોનાલ્ડ રેગનનું ઈરાન ગેટકૌભાંડ, ફીજીમાં લશ્કરી બળવો.

૧૯૮૮- પૃથ્વી મિસાઈલ પરીક્ષણ. પાકિસ્તાન પ્રમુખ જનરલ ઝિયાનું મૃત્યુ.

૧૯૮૯- અમેરિકાના ૪૧મા પ્રમુખ જ્યોર્જ બુશ. સામ્વાદી રાષ્ટ્રોમાં લોકશાહીનો ઉદય.

૧૯૯૦- પૂર્વ અને પશ્ચિમ બે જર્મનીનું એકીકરણ.

૧૯૯૧- અમેરિકન સાથીદળોનો ઈરાક સામેના યુદ્ધમાં વિજય-કુવૈત મુકત થયું. સોવિયેટ સંઘનું વિઘટન, રાજીવ ગાંધીની હત્યા.

૧૯૯૨- અફઘાનિસ્તાનમાં મજીબુલ્લાના શાસનનો અંત.

૧૯૯૩- ઈઝરાયલ અને પી.એલ.ઓ. વચ્ચે શાંતિ સમજુતી.- મુંબઈમાં એક સાથે વિવિધ સ્થળે બોંબ ધડાકા થયા.

૧૯૯૪- દક્ષિણ આફ્રિકામાં સર્વ પ્રથમવાર રંગભેદ વગરની લોકશાહી ઢબે ચૂંટણીઓ યોજાઈ. ૨૬ વર્ષના કારાવાસ પછી નેલ્સન મંડેલા પ્રમુખ થયા.

૧૯૯૫- ઈઝરાયલી વડાપ્રધાનશ્રી ચિત્ઝકાકરે બીનની હત્યા.